**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૧/૦૧/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૦૭/૧૮**

**નરોડા પો.સ્ટેના ખુનના ગુન્હાના આરોપીને ગણતરીના કલાકોમા પકડી પાડતી નરોડા પોલીસ**

નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૧/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૦૨,જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબના ગુન્હાના કામના ફરીયાદીશ્રી પ્રકાશભાઇ સોમરાજ હુરમાજી જાતે અસારી ઉ.વ-૩૨ રહે ગામ-ગોડીટીપાણા,મહુઆલ ફલા,તા-રીષભદેવ જી-ઉદેપુર,રાજસ્થાન હાલ રહે હંસપુરાગામ,સમૃધ્ધી શોપીંગ કન્સ્ટ્રક્શન સાઇટ,નરોડા,અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે તા-૩૧/૧૨/૨૦૧૭ ની રાત્રીના કલાક ૨૦/૩૬ વાગ્યાથી કલાક ૨૧/૦૦ વાગ્યા દરમ્યાન આ કામના મરણ જનાર ગણેશ સોમરાજ હુરમાજી અસારી ઉ.વ-૨૨ રહે ગામ-ગોડીટીપાણા,મહુઆલ ફલા,તા-રીષભદેવ જી-ઉદેપુર,રાજસ્થાન નાને આ કામના આરોપી નામે દેવીલાલ ઉર્ફે દેવો કમલેશભાઇ અસારી ઉ.વ-૨૫ રહે ગામ-માથુગામડા તા,જી-ડુંગરપુર રાજસ્થાન નાએ મોજે નરોડા ગામમા આવેલ સત્વ પ્લેટીનીયમ કન્સ્ટ્રક્શન સાઇટ ઉપર માથાના ભાગે સેન્ટીંગના લાકડા વડે તેમજ સળીયા વડે ગંભીર ઇજાઓ કરી મોત નીપજાવી નાસી ગયેલ હોય જેથી આ કામે અમારી સુચના આધારે પો.સબ.ઇન્સ એમ.એ.વાઘેલા તથા સર્વેલન્સ સ્ક્વોડની ટીમના માણસોએ બાતમી હકીકત આધારે આરોપીને તેના વતન ડુંગરપુર ખાતેથી પકડી લઇ અત્રે નરોડા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપીને અટક કરવાની કામગીરી તેમજ ગુન્હા સબંધેની પુછપરછ ચાલુ છે.

તા.૦૧/૦૧/૨૦૧૮



મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદશહેર તથા મે સંયુકત પો.કમીશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદશહેર તથા મે.નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદશહેર તથા મે. મદદનીશ પો.કમીશ્નર શ્રી "આઈ" ડીવીઝન નાઓએ સુચના આપેલ કે તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ નવા વર્ષ ની ઉજવણી સંદર્ભ મા કાયદો અને વ્યવસ્થા ની જાળવણીમા પ્રોહી અંગે પોલીસ સ્ટેશન વિસ્તાર પ્રોહી ના કેસો શોધીકાઢી વધુ મા વધુ કેસો કરવા જે સુચના મુજબ અમો તથા નિકોલ પોલીસ સ્ટેશન ના સર્વે સ્કોડ ના સ્ટાફ ના માણસોએ સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત આધારે આજ રોજ તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૩/૧૫ વાગે (૧) જયંતીભાઈ S/O રામાજી બેચરજી બારૈયા ઉ.વ.૪૦ રહે.ભુવાલડીગામ જોરાના ટેકરા મેજ પ્રોડકટ ની પાસે તા.દસ્કોઈ જી.અમદાવાદશહેર (૨) અક્ષયભાઈ S/O જયંતીભાઈ રામાજી બારૈયા ઉ.વ.૨૦ રહે.ભુવાલડીગામ જોરાના ટેકરા મેજ પ્રોડકટ ની પાસે તા.દસ્કોઈ જી.અમદાવાદશહેર (૩)ધનશ્યામસિંહ ઉર્ફે ઘનો S/O રાજેન્દ્ર સિંહ નેનાજી જાતે.રાણા(રાઠોડ) ઉ.વ.૨૨ રહે.મ.ન.૧૯ શાહીબાગ સોસાયાટી મોહન સીનેમાની સામે અસારવા અમદાવાદશહેર નાઓ તમામ ભુવાલડીગામ જોરાના ટેકરા નંબર-૧ તથા ૨ નાઓએ પોતાના કબજા ભોગવટા વાળા મકાન મા વગર પાસ પરમીટે પરપ્રાંત દારુની સીલબંધ હાલત ની બોટલો જે મળી બોટલ નંગ-૪૫૮ ની કુલ કિ.રુ.૨,૬૪,૬૦૦/- તથા સદર પરપ્રાંત નો દારુ હેરાફેરી કરવા માટે ના વાહનો (૨) ફોરચ્યુનર ગાડી નંબર **GJ-18-BC-7799** કિ.રુ.૧૨,૦૦૦૦૦/- (૩) એસેન્ટ ગાડી આર.ટી.ઓ. નંબર **GJ-18-BA-1009** કિ.રુ.૧,૦૦ ૦૦૦/- (૩) ત્રણેય ઈસમોની અંગ જડતી ના નાણા રુ.૧૬૨૫૦/- જે તમામ મળી કુલ્લે કિ.રુ૧૫,૮૦,૮૫૦/- ની મત્તા ના સદર મુદ્દામાલ સાથે પકડી લઈ કાયદેસર ગુનો દાખલ કરી આગળ ની તપાસ પ્રો.પો.સ.ઈ. પી.જે. ખાંટ નાઓના ચલાવી રહેલ છે

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદશહેર તથા મે સંયુકત પો.કમીશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદશહેર તથા મે.નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદશહેર તથા મે. મદદનીશ પો.કમીશ્નર શ્રી "આઈ" ડીવીઝન નાઓએ સુચના આપેલ કે તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ નવા વર્ષ ની ઉજવણી સંદર્ભ મા કાયદો અને વ્યવસ્થા ની જાળવણીમા પ્રોહી અંગે પોલીસ સ્ટેશન વિસ્તાર પ્રોહી ના કેસો શોધીકાઢી વધુ મા વધુ કેસો કરવા જે સુચના મુજબ અમો તથા નિકોલ પોલીસ સ્ટેશન ના સર્વે સ્કોડ ના સ્ટાફ ના માણસોએ સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત આધારે આજ રોજ તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૦/૧૫ વાગે (૧)રાકેશ ભાઈ S/O ભરતભાઈ શાંતીલાલ ચુનારા ઉ.વ.૨૩ રહે. ડી/૫૨ સંજયનગર મંગલમુર્તી ટેલીફોન એક્સેંઝ ની બાજુ મા નારણપુરા અમદાવાદશહેર નાનો નિકોલ ગ્રામ પંચાયત ઓફીસ ની સામે જાહેર રોડ ઉપર સેન્ટ્રો ફોર વ્હીલ ગાડી મા વગર પાસ પરમીટે પરપ્રાંત દારુની સીલબંધ હાલત ની બોટલો જે મળી બોટલ નંગ-૨૬૪ ની કુલ કિ.રુ.૧,૩૯,૨૦૦/- તથા પરપ્રાંત નો દારુ હેરાફેરી કરવા માટે ના વાહન (૨) સેન્ટ્રો ગાડી ગ્રે કલર ની આર.ટી.ઓ. નંબર જી.જે.૧.એચ, એસ, ૬૪૪ કિ.રુ.૧,૨૫,૦૦૦/- (3) સદર ઈસમની અંગ જડતી માથી મળી આવેલ એક ઈન્ટેક્ષ કંપનીનો કાળા કલર નો મોબાઈલ ફોન કિ.રુ.૫૦૦/- જે તમામ મળી કુલ કિ.રુ.૨,૬૪,૭૦૦/- ની મત્તા ના સદર મુદ્દામાલ સાથે પકડી લઈ કાયદેસર ગુનો દાખલ કરી આગળ ની તપાસ પ્રો.પો.સ.ઈ. પી.જે. ખાંટ નાઓના ચલાવી રહેલ છે

### *** નારોલ પોલીસ સ્ટેશન ***

## (પર-પ્રાંતીય) ઈંગ્લીશ દારૂ ૪૨ બોટલો જેની કિ.રૂ-૨૩,૪૦૦/-ની મત્તા સાથે વેચાણ કરતા એક આરોપીને ઝડપી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૦૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૬ સાહેબ તથા અધિક મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગ દર્શન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એ.જાદવ સાહેબ નાઓની સુચનાંથી તા:-૩૧/૧૨/૨૦૧૭ ના રોજ પો.સબ.ઈન્સ એ.એસ.પરમાર સાહેબ તથા અ.પો.કોન્સ હીતેશભાઈ નાગજીભાઈ બ.નં-૧૩૨૧૪ તથા અ.પો.કોન્સ દીલીપસિંહ અમજીભા બ.નં-૫૬૯૬ તથા વિષ્ણુભાઈ બાબુભાઈ બ.નં-૧૩૨૧૨ તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.પો.કોન્સ દીલીપસિંહ અમજીભા તથા અ.પો.કોન્સ વિષ્ણુભાઈ બાબુભાઈ નાઓને સંયુક્ત બાતમી હકીકત આધારે કરણસિંહ નાથુસિંહ જાતે રાઠોડ ઉ.વ-૪૯ રહે, ગુજરાત ફુડ ગોડાઉનની આગળ ચાની લારીમાં રોડ ઉપર સ્વામીનારાયણ વાડીની સામે નાઝ પીરાણા રોડ રેવતીનગર જેતલપુરગામ તા:-દશક્રોઈ જી-અમદાવાદ નાંનો તેની પાસેનો સફેદ કલરનો પ્લાસ્ટીકનો થેલો તેમજ કાપડનો વીમલનો થેલો એમ બન્ને થેલાઓ વારા-ફરથી ખોલી તપાસ કરતા કેટલોક ઈંગ્લીશ (પરપ્રાંતીય) દારૂ ભરેલ કાચની બોટલો મળી આવેલ જે કુલ્લે નંગ-૪૨ બોટલો મળી આવેલ જે તમામ બોટલો દરેકના ઉપર ૭૫૦ મી.લી ની એવરીડે ગોલ્ડ પ્રેસ્ટીજ વ્હિસ્કી જેના પેટાળ પર ફોર સેલ ઈન હરીયાણા ઓન્લી હરીયાણા રાજ્યની બનાવટની કુલ નંગ-૪૨ જે શીલબંધ હાલતમાં છે જે નંગ-૦૧ની કિ.રૂ-૫૫૦/- લેખે ગણી કુલ્લે નંગ-૪૨ની કિ.રૂ-૨૩,૧૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ અને મજકુરની અંગઝડતી કરતા ITEL કંપનીનો મોબાઈલ ફોન જેની કિ.રૂ-૩૦૦/- ગણી શકાય તે કુલ્લે મળી કિ.રૂ-૨૩,૪૦૦ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય અને સદર આરોપી વિરૂધ્ધમાં પ્રોહી ગુ.ર.નં-૫૧૧૪/૧૭ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬,(૧)(બી),૬૫(એ),(ઈ),૧૧૬બી. મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

### રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી.ની પ્રવૃત્તી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારુનો જથ્થો રાખી ખાનગીમાં વેચાણ કરતી બાઇ નામે શરીફાબીબી વા/ઓ હનિફભાઇ ઇશાકભાઇ કુરેશી ઉ.વ.૬૦ રહે ખેંગારજીનો ટેકરો બકરામંડી રાણીપ અમદાવાદ ની વિરુધ્ધમાં દેશીદારુના કેસ શોધી કાઢી સદરીની આવી પ્રવૃત્તી પ્રોહી કલમ-૯૩ કે. બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોઇ સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમીશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરતા સદરીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીજન નાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આનંદનગર પોલીસ સ્ટેશન નાઓની રાહબરી હેઠળ અમદાવાદ શહેર તથા આજુબાજુ વિસ્તારમાથી ગુનાહીત પ્રવૂતી નેશ નાબુદ કરવાની ઝુબેશ હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન (૧) ફ.ગુ.ર.નં. ૧૧૮/૧૭ તથા (૨) ગુજ યુનિવર્સીટી પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૩૬/૧૫ તથા (૩) મણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૪૪/૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ વિગેરે મુજબના કામનો આરોપી જીગ્નેશ ઉર્ફે જીગો ગોરધનભાઇ રાઠોડ ઉ.વ.૨૬ રહે-રોહીતવાસ ગામ-સામરખા તા.જી-આણંદ જાહેર વ્યવસ્થા વિરુધ્ધના કૃત્યો કરતો હોય તેને આમ કરતો અટકાવવા સારુ પો.ઇન્સ શ્રી પી.બી.ચૌહાણ આનંદનગર નાઓની રાહબરી હેઠળ (૧) હે.કો વસંતસિંહ સોમસિંહ બ.ન.૭૭૧૭ (૨) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ નાઓએ આરોપી વિરૂધ્ધના ગુનાઓ તથા તે સલંગ્ન માહીતી એકત્રીત કરી તેની વિરુધ્ધ ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનિયમ (પાસા) ની કલમ ૩(૧) મુજબ અટકાયતમાં લેવા સારુ દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી નાઓએ હુકમ કમાંકઃ પીસીબી/ ડીટીએન/પાસા/૯૬૫/૧૭ તા.૦૭.૧૨.૧૭ થી અટકાયતમાં લેવા સારુ હુકમ કરેલ હોય અને સદરી આરોપી અટકાયત ટાળવા સારૂ નાસતો ફરતો હોય જેથી સદરી અટકાયતીને ખાનગી બાતમી આધારે પો.ઇન્સ શ્રી આનંદનગર પો.સ્ટે નાઓની સુચનાથી આરોપીના વતન માથી (૧) હે.કો મગનભાઇ નરશીભાઇ બ.ન.૩૫૬૯ (૨) પો.કો જીતેન્દ્રસિંહ મનુભા બ.ન.૪૦૫૨ (૩) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ નાઓ પકડી લાવી પો.કમિ શ્રી ના હુકમ આધારે સદરીને તા.૩૦.૧૨.૧૭ ના રોજ પકડી સદર હુકમની બજવણી કરી કેદ રહેવા સારુ રાજકોટ જેલ ખાતે મોકલી જે બદલની પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૩૦/૧૨/૨૦૧૭

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.